પંચમ ડુપ્લેક્સના રઘુકુળ સ્કૂલ નજીક બનેલી આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો

ગલુડિયાઓને થેલામાં ભરી લઈ જતી 3 મહિલા સહિત 4 સામે ગુનો નોંધાયો

ગલુડિયાઓનો હજી સુધી પત્તો નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરમાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતાનો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. જેમાં ચાર મહિલાઓ દ્વારા ત્રણ નાના શ્વાનના ગલુડિયાઓને થેલામાં ભરી કારમાં લઈ જવામાં આવ્યા હોવાનો વીડિયો વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી છે. વડોદરા શહેરના પંચમ ડુપ્લેક્સ વિસ્તારમાં, રઘુકુળ સ્કૂલ નજીક બનેલી આ ઘટનાએ પ્રાણીપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અમદાવાદમાં રહેતા અને ગુજરાત યુનિવર્સિટીમાં લેક્ચર તરીકે કાર્યરત સમીરભાઈ ચંદુભાઈ ગજ્જર પ્રાણી કલ્યાણ સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. 15 એપ્રિલના સાંજના સમયે ચાર અજાણી મહિલાઓએ રસ્તા પરના ત્રણ નાના ગલુડિયાઓને પકડીને જબરદસ્તી એક બોરામાં પૂર્યા હતા. ત્યારબાદ, એક ફોર-વ્હીલર કાર ત્યાં આવી પહોંચી હતી, જેમાં આ ગલુડિયાઓ ભરેલો બોરો મૂકી તેઓ અજાણી જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા.

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જે પ્રાણીપ્રેમી સંસ્થા ‘પીપલ ફોર એનિમલ-2’ અને ‘કેરએસ્ટે ફાઉન્ડેશન’ સાથે સંકળાયેલા સ્વયંસેવક ચંચલબેન વશીક દ્વારા સમીરભાઈને મોકલવામાં આવ્યો હતો. વીડિયો સામે આવ્યા બાદ પ્રાણીપ્રેમી કાર્યકરો દ્વારા ગલુડિયાઓને શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ હજુ સુધી તેમનો કોઈ પત્તો મળ્યો નથી.

અંતે, આ અમાનવીય વર્તન સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે સમીરભાઈએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણી મહિલાઓ સામે ગુનો નોંધ્યો છે અને હાલ ગલુડિયાઓને ક્યાં લઈ જવામાં આવ્યા છે તેમજ આરોપીઓની ઓળખ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

કલેક્ટરને આવેદન આપી આક્રમક રજૂઆત કરાઈ

ધંધુકાના હિન્દુ યુવકની હત્યાનો મામલો, વડોદરા શિવસેના દ્વારા ફાંસીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.21

ધંધુકા ખાતે હિન્દુ યુવક ધર્મેશ ભરવાડની અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલી નિર્મમ અને ઘાતકી હત્યાના પડઘા હવે સમગ્ર રાજ્યમાં ગુંજી રહ્યા છે. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત રૂપે આજે વડોદરામાં હિન્દુ સમાજ અને શિવસેના દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. શિવસેના દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરથી રેલી કાઢી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી આરોપીઓને કડકમાં કડક સજાની માંગ કરવામાં આવી છે. શિવસેના શહેર પ્રમુખ દિપક એચ. પાલકરના નેતૃત્વમાં કાર્યકરો કલેક્ટર કચેરી ખાતે હાથમાં બેનરો અને પોસ્ટરો સાથે સૂત્રોચ્ચાર કરી ઘટનાનો સખત શબ્દોમાં વિરોધ કર્યો હતો. શિવસેનાના નેતાઓએ જણાવ્યું હતું કે, આ ઘટના કોઈ સામાન્ય હત્યા નથી, પરંતુ સમાજની શાંતિ અને સુરક્ષાને ડહોળવાનો પ્રયાસ છે. દિપક પાલકરે તંત્રને ચીમકી આપતા જણાવ્યું હતું કે, ધર્મેશ ભરવાડની હત્યા સમગ્ર હિન્દુ સમાજ માટે કલંકરૂપ છે. જો સરકાર અને વહીવટી તંત્ર દ્વારા આ મામલે કડક અને ત્વરિત પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં શિવસેના દ્વારા સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. ધંધુકાની આ ઘટના બાદથી જ વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં હિન્દુ સમાજમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે.

આધાર હાઉસિંગ ફાયનાન્સ લિ. Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તોમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવ અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.

અમદાવાદ શાખાઃ 301, 3જો માળ, ABC-3, હોટલ રિજેન્ટાની સામે, ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ પાસે, ઉમા શંકર જોશી માર્ગ, સી.જી. રોડ પાસે, નવરંગપુરા, અમદાવાદ-380009 (ગુજરાત)

દાહોદ શાખાઃ સી.એસ. નં. 58, એસ.એફ. 2, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોદી રોડ, દાહોદ 389151 (GJ)

ગોધરા શાખાઃ શોપ નં. 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ 389001 (GJ)

નડિયાદ શાખાઃ શોપ નં. 04, 1લો માળ, પ્રાઇમ સ્કવેર, ખસરા નં-આર.એસ. નંઃ 1154/A, કેનાલ અને DDIT યુનિવર્સિટી પાસે, કોલેજ રોડ, નડિયાદ, જિ. ખેડા-387001 (ગુજરાત)

વડોદરા શાખાઃ યુનિટ નં. SF-201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા ગાય સર્કલ રોડ, અકોટા, વડોદરા-390020 (ગુજરાત)

ડિમાન્ડ નોટિસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ અને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના (ઉપરોક્ત નિયમ) નિયમ 3(1) ને સાથે વાંચતા

નીચે સહી કરનાર સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 (ઉપરોક્ત કાયદા) હેઠળ આધાર હાઉસિંગ ફાયનાન્સ લિ.ના (AHFL) અધિકૃત અધિકારી છે, અને ઉપરોક્ત કાયદાની કલમ 13 (12)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના (ઉપરોક્ત નિયમ) નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી, ઉપરોક્ત કાયદાની કલમ 13 (2) હેઠળ ડિમાન્ડ નોટિસ (નોટિસો) જારી કરી હતી જેમાં નીચે ઉલ્લેખીત ઋણ લેનારાઓને (‘ઋણ લેનારાઓ’) નોટિસમાં ઉલ્લેખીત બાકી નીકળતી રકમ ચુકવવા કહેવાયું હતું જે રકમ નીચે પણ ઉલ્લેખીત છે. ઉપરોક્તના સંબંધમાં અહીં ફરીથી નોટિસ આપવામાં આવે છે જેમાં ઋણ લેનારાઓને આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસમાં AHFLને બાકીની રકમ ચુકવવા કહેવાયુ છે. રકમ અહીં ઉલ્લેખીત છે જેમાં ડિમાન્ડ નોટિસમાં વિગતો અપાઈ છે તે મુજબ અહીં ઉલ્લેખીત તારીખથી જે તારીખે ઋણ ચુકવવામાં આવે ત્યાં સુધી વ્યાજ ઉમેરવામાં આવશે જે ઋણ કરારને અન્ય દસ્તાવેજો-લખાણ સાથે વાંચતા ચુકવવા પાત્ર છે. આ ઋણની ફરીથી ચુકવણી માટે સિક્યુરીટી તરીકે નીચે ઉલ્લેખીત મિલ્કત ઋણ લેનારાઓ દ્વારા AHFL પાસે ગીરે મૂકવામાં આવી છે.

અ. નં.	લોન લેનાર / સહ-લોન લેનાર અને જામીનદારનું નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સિક્યોર્ડ મિલકતની વિગત (સ્થાવર મિલકત)
1	(લોન કોડ નં. 03510000540 / અમદાવાદ શાખા) અંબરનાથ દેવનારાયણ દાન (લોન લેનાર) દીપિકા અંબરનાથ દાન (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 31,23,151/-	ફ્લેટ નં. 403 ધરાવતી મિલકતના તમામ ભાગ, ટાવર-એફમાં ચોથા માળે, “શ્રીજી ગોલ્ડ”, જે સ્થિત છે આર.એસ. નં. 255, સિટી સર્વે નં. 3883, મોજે ગોરવા, તાલુકા અને જિ. વડોદરા, ગુજરાત-390016. સીમાઓઃ પૂર્વ - નાલિયા રોડ, પશ્ચિમ - ઇમારતની ઓ.ટી.એસ., ઉત્તર - ફ્લેટ નં. E-404, દક્ષિણ - ફ્લેટ નં. F-404
2	(લોન કોડ નં. 38110000245 / દાહોદ શાખા) શબાના અબ્દુલકાદિર સબ્જીફરોશ (લોન લેનાર) સબ્જીફરોશ અબ્દુલ કાદિર (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 19,42,315/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર, મોહમ્મદ હુસૈન સોસાયટી, ગોધરા રોડ, પ્લોટ નં. 58 પૈકી પૂર્વ બાજુ, તા. અને જિ. દાહોદ, ગુજરાત-389151. સીમાઓઃ પૂર્વ - પ્લોટ નં. 59, પશ્ચિમ - પ્લોટ નં. 58, ઉત્તર - 5.00 મીટર પહોળો રોડ, દક્ષિણ - પ્લોટ નં. 65
3	(લોન કોડ નં. 17610000180 / ગોધરા શાખા) વાસુદેવ ચંદુભાઈ દબગર (લોન લેનાર) જીજ્ઞાશાબેન વાસુદેવ દબગર (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 19,48,928/-	મિલકતના તમામ ભાગ, પ્રોપર્ટી ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર, ખાનગી પ્લોટ નં. 101, રાધા માધવ પાર્ક સોસાયટી (મા સરસ્વતી પાર્ક 03), ગોધરા અમદાવાદ રોડ, ખાનગી પ્લોટ નં. 101, તા. ગોધરા, જિ. પંચમહાલ, ગુજરાત-389001. સીમાઓઃ પૂર્વ - 7.50 મીટર રોડ, પશ્ચિમ - પ્લોટ નં. 82 ની સીમા, ઉત્તર - પ્લોટ નં. 102 ની સીમા, દક્ષિણ - પ્લોટ નં. 100 ની સીમા
4	(લોન કોડ નં. 17610000236 / ગોધરા શાખા) ગણપત કાનાભાઈ તલાર (લોન લેનાર) પુનીબેન તલાર અને કાનસિંહ તલાર (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 11,25,634/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર હાઉસ નં. 206/A, શિવાશિષ પાર્ક સોસાયટી, હાલોલ આરાદ રોડ, પ્લોટ નં. 206/A, ગામ અને તા. હાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત-389120. સીમાઓઃ પૂર્વ - 6 મીટર પહોળો રોડ, પશ્ચિમ - પ્લોટ નં. 191-A પ્રોપર્ટી, ઉત્તર - પ્લોટ નં. 205-B પ્રોપર્ટી, દક્ષિણ - પ્લોટ નં. 206-B પ્રોપર્ટી
5	(લોન કોડ નં. 17610000283 / ગોધરા શાખા) જયેશકુમાર પરમાર (લોન લેનાર) ગણપતભાઈ પરમાર (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 15,26,830/-	મિલકતના તમામ ભાગ, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર હાઉસ નં. 48, શ્રદ્ધા રેસીડેન્સી પાર્ટ-2, પ્લોટ નં. 48, ગામ સાઠરોટા, તા. કાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત-389365. સીમાઓઃ પૂર્વ - પ્લોટ નં. 47, પશ્ચિમ - પ્લોટ નં. 48A, ઉત્તર - સોસાયટી આર.સી.સી. રોડ, દક્ષિણ - પ્લોટ નં. 58
6	(લોન કોડ નં. 17610000304 / ગોધરા શાખા) શંકરભાઈ ચીમનભાઈ ચૌધરી (લોન લેનાર) અમિતાબેન ચૌધરી (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 21,36,354/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર હાઉસ નં. 33, શિવ-વાટિકા - 2, કંજરી પ્લોટ નં. 33, તા. કંજરી (ભાગ), સબ ડિસ્ટ્રિક્ટ હાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત-389350. સીમાઓઃ પૂર્વ - પ્લોટ નં. 32, પશ્ચિમ - પ્લોટ નં. 34, ઉત્તર - ખુલ્લો રોડ, દક્ષિણ - પ્લોટ નં. 20
7	(લોન કોડ નં. 17610000309 / ગોધરા શાખા) પઠાણ હુસેન ખાન (લોન લેનાર) પઠાણ રજિયાબીબી (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 17,06,768/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર હાઉસ નં. 11, પ્લોટ નં. 11 (1/565/Ca/3/A), ભિસ્તી ખાડી ફળિયા કાડીફળિયા, હુસેની મસ્જિદ રેલ્વે કોલોની પાસે, તા. ગોધરા, જિ. પંચમહાલ, ગુજરાત-389001. સીમાઓઃ પૂર્વ - 3 ફૂટ પહોળી ખુલ્લી ચાલી, પશ્ચિમ - 6.00 મીટર પહોળો રોડ, ઉત્તર - આર.એસ. નં. 1255 ની સીમા, દક્ષિણ - પ્લોટ નં. 10
8	(લોન કોડ નં. 17610000318 / ગોધરા શાખા) ફારુક અબ્દુલમજીદ શેખ (લોન લેનાર) હવ્વા ફારુક શેખ (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 10,92,896/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર હાઉસ નં. 59 પૈકી દક્ષિણ બાજુ (4/768/Sp/59), ખ્વાજા સોસાયટી દયારકાકરા રોડ, ખ્વાજા સોસાયટી પ્લોટ નં. 59 પૈકી દક્ષિણ બાજુ, તા. ગોધરા, જિ. પંચમહાલ, ગુજરાત-389001. સીમાઓઃ પૂર્વ - પ્લોટ નં. 60, પશ્ચિમ - 6.00 મીટર રોડ, ઉત્તર - પ્લોટ નં. 59 પૈકી બાકીની જમીન, દક્ષિણ - 7.50 મીટર પહોળો રોડ
9	(લોન કોડ નં. 17610000382 / ગોધરા શાખા) લક્ષ્મણસિંહ રાઠોડ (લોન લેનાર) રમીલાબેન રાઠોડ (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 14,23,800/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, પ્લોટ નં. 26, 27, 28, 29/1, શુભ-લાભ રેસીડેન્સી, મોજે હાલોલ, ગામ પ્રતાપપુરા, સબ ડિસ્ટ્રિક્ટ હાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત-389310. સીમાઓઃ પૂર્વ - ખેતીની જમીન, પશ્ચિમ - રોડ, ઉત્તર - પ્લોટ નં. 25, દક્ષિણ - પ્લોટ નં. 26, 27, 28, 29/2
10	(લોન કોડ નં. 03910000199 / નડિયાદ શાખા) વિક્રમસિંહ રાઠોડ (લોન લેનાર) કીર્તિબેન સોમાભાઈ દામોર (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 25,56,680/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર પ્લોટ નં. 3 થી 8 પૈકી, બ્લોક નં. 06, પ્લોટ નં. D/4, શિવમ સોસાયટી, ઝાલોદ દાહોદ રોડ, સબ ડિસ્ટ્રિક્ટ ઝાલોદ, જિ. દાહોદ, ગુજરાત-389170. સીમાઓઃ પૂર્વ - સિટી સર્વે નં. 2563/6 પૈકી પ્લોટ નં. 2 ની પ્રોપર્ટી, પશ્ચિમ - સોસાયટી, ઉત્તર - સિટી સર્વે નં. 2563/6 પૈકી પ્લોટ નં. D/5 ની પ્રોપર્ટી, દક્ષિણ - સિટી સર્વે નં. 2563/6 પૈકી પ્લોટ નં. D/3 ની પ્રોપર્ટી
11	(લોન કોડ નં. 03810000084 / વડોદરા શાખા) રણજીતસિંહ સોલંકી (લોન લેનાર) સુધાબેન ઉદેસિંહ સોલંકી (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 9,75,350/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર ફર્સ્ટ ફ્લોર પ્લોટ નં. B 131, વેસ્ટ પાર્ક કાઉન્ટી, ગુટાલ રોડ, વાઘોડિયા (CT), ગામ ગુટાલ, તા. વાઘોડિયા, જિ. વડોદરા, ગુજરાત-391760. સીમાઓઃ પૂર્વ - પ્લોટ નં. B-182, પશ્ચિમ - 7.50 મીટર રોડ, ઉત્તર - પ્લોટ નં. B-132, દક્ષિણ - પ્લોટ નં. B-130
12	(લોન કોડ નં. 03810000279 / વડોદરા શાખા) સોનુ રાજપૂત (લોન લેનાર) મિતેશભાઈ પટેલ (જામીનદાર)	14-04-2026 ₹ 10,90,634/-	ફ્લેટ નં. GF 2 ધરાવતી મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર સાંઈ શક્તિ પાર્ટ, દાવડા રોડ, પ્લોટ નં. 5, 6 અને 6/1, ગામ હાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત-389350. સીમાઓઃ પૂર્વ - ખુલ્લી જમીન, પશ્ચિમ - પ્લોટ નં. 18, ઉત્તર - ખુલ્લો રોડ, દક્ષિણ - પ્લોટ નં. 25
13	(લોન કોડ નં. 03810000545 / વડોદરા શાખા) મહેશભાઈ સોમાભાઈ પલાસ (લોન લેનાર) અરુણાબેન પલાસ (સહ-લોન લેનાર)	14-04-2026 ₹ 15,56,829/-	મિલકતના તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર A-85/4, અલિયાર પાર્ક, દાવડા રોડ, મોજે હાલોલ, સબ ડિસ્ટ્રિક્ટ કાલોલ, જિ. પંચમહાલ, ગુજરાત-389350. સીમાઓઃ પૂર્વ - ઘરથાળ નં. A 85/2, પશ્ચિમ - સોસાયટી રોડ, ઉત્તર - સોસાયટી રોડ, દક્ષિણ - ઘરથાળ નં. A 85/5

જો ઉપરોક્ત ઋણ લેનારાઓ AHFLને અગાઉ કહેવાયું તે મુજબ ચુકવણી કરવામાં નિષ્ફળ જાય છે તો AHFL ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) અને લગાવવાપાત્ર નિયમ હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ મિલ્કત વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી શકે છે જેનું જોખમ ઉપરોક્ત ઋણ લેનારાઓનું રહેશે જેમ કે ખર્ચ અને પરીણામો. ઉપરોક્ત સિક્યોર્ડ મિલકત(ઓ) પછી ભલે તે વેચાણ, ભાડાપટ્ટે અથવા અન્યથા AHFLની અગાઉ લેખિત સંમતિ વગર ટ્રાન્સફર કરવા પર ઉપરોક્ત કાયદા હેઠળ ઋણ લેનારા/કાનૂની વારસદાર/કાનૂની પ્રતિનિધિઓ પર પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ જે ઉપરોક્ત કાયદા અથવા નિયમનો ભંગ કરે છે અથવા તેનો ભંગ કરવામાં મદદ કરે છે, તે ઉપરોક્ત કાયદા હેઠળ ઉપલબ્ધ મુજબ કેદ અને દંડના પાત્ર રહેશે.

સ્થળઃ ગુજરાત સહી/- અધિકૃત અધિકારી

તારીખઃ 22-4-2026 આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ

મતદાન કરનાર સભાસદોને વ્યાજમાં 1% રાહત અને FDમાં 0.5% વળતર

છત્રપતિ શિવાજી સહકારી મંડળીની અનોખી પહેલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.21

ભારતીય લોકશાહીમાં ‘મતદાન’ એ નાગરિકનો માત્ર અધિકાર જ નહીં, પરંતુ એક પવિત્ર ફરજ પણ છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાનની ટકાવારી વધે અને દરેક નાગરિક પોતાની જવાબદારી સમજે તે માટે વહીવટી તંત્ર અને વિવિધ સંસ્થાઓ સતત પ્રયત્નશીલ રહેતી હોય છે. ત્યારે વડોદરાના બરાનપુરા વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત ‘શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિમિટેડ’ દ્વારા મતદાન જાગૃતિ માટે એક અત્યંત પ્રેરણાદાયી અને આકર્ષક પહેલ કરવામાં આવી છે.

મંડળીના અધ્યક્ષ ગૌરવ પવળે દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, મંડળીએ મતદાનને પ્રોત્સાહન આપવા માટે એક વિશેષ યોજના અમલમાં મૂકી છે. આ પહેલનો

સભાસદોએ મંડળીમાંથી લોન લીધી છે, તેવા લોનધારકો અને તેમના જામીનદારો જો ચૂંટણીમાં મતદાન કરશે, તો તેમને લોનના વ્યાજ દરમાં 1% નો સીધો ઘટાડો કરી આપવામાં આવશે. આ એક એવી પહેલ છે જે સભાસદોને આર્થિક લાભની સાથે સાથે મતદાન કરવા માટે મજબૂત પ્રોત્સાહન પૂરું પાડે છે. માત્ર લોન લેનારા જ નહીં, પરંતુ બચત કરનારા સભાસદો માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જે સભાસદો મતદાન કરશે, તેમને આગામી સાત દિવસ સુધી કરવામાં આવતી ફિક્સ ડિપોઝિટ પર અડધો ટકા (0.50%) વધારાનું વ્યાજ આપવામાં આવશે.

ડિવાઇડર પાસે સુરક્ષાના સાધનો વગર જ કામગીરી કરાતી હતી

VMCની બેદરકારીએ કારણે માણેજાના યુવાનનો અકસ્માત : ગંભીર ઈજા પહોંચી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

સંસ્કારી નગરી વડોદરામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ગંભીર બેદરકારીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના માર્ગો પર કચરો ઉઠાવતી ગાડીઓ દ્વારા કોઈપણ પ્રકારના સુરક્ષા સાધનો કે બેરિકેડિંગ વગર કામગીરી કરવામાં આવતા માનેજાનો એક આશાસ્પદ યુવાન અકસ્માતનો ભોગ બન્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાના એક મુખ્ય માર્ગ પર રોડના ડિવાઈડર પાસે કોર્પોરેશનની કચરો ઉઠાવતી ગાડી ઉભી રાખી સફાઈ કામગીરી ચાલી રહી હતી. સામાન્ય રીતે વ્યસ્ત માર્ગો પર જ્યારે આવા પ્રકારનું કામ ચાલતું હોય ત્યારે પાછળથી આવતા વાહનોને ચેતવણી આપવા માટે બેરિકેડિંગ, કોન અથવા રિફ્લેક્ટર મૂકવા અનિવાર્ય છે. જોકે, અહીં કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા આવા કોઈ પણ નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું.

તે દરમિયાન માનેજા ગામનો એક યુવાન પોતાની બાઈક લઈને ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. રસ્તાની વચ્ચે અચાનક ઉભેલી ગાડી અને કોઈ પણ પ્રકારના સંકેત ન હોવાને કારણે યુવાન બાઈક પરથી કાબૂ ગુમાવી બેઠો હતો અને સીધો જ ગાડીના પાછળના ભાગે ધડાકાભેર અથડાયો હતો.

અકસ્માત એટલો ભયાનક હતો કે યુવાનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં યુવાનને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલમાં યુવાનની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતા જ માનેજા ગામના લોકો અને સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. લોકોની માંગ છે કે માત્ર સફાઈ કરવી પૂરતી નથી, નાગરિકોની સુરક્ષા પણ એટલી જ મહત્વની છે. જો જવાબદારો સામે પગલાં લેવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. હાલમાં પોલીસે આ મામલે પ્રાથમિક તપાસ હાથ ધરી છે અને કોર્પોરેશનના સંબંધિત વિભાગ પાસે જવાબ માંગવાની તજવીજ શરૂ કરી છે.

MSUમાં વિદ્યાર્થી સ્ટાર્ટઅપ અને નવીનતા નીતિ 2.0 હેઠળ ભંડોળનું વિતરણ કર્યું

19 પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટ્સ માટે કુલ રૂ. 39.24 લાખ અને નાણાકીય સહાય માટે 17 આઈપીઆર દરખાસ્તોને મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ વિદ્યાર્થી સ્ટાર્ટઅપ અને નવીનતા નીતિ 2.0 હેઠળ, વિદ્યાર્થીઓમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના હેતુથી ઈનોવેટિવ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટ્સ અને આઈપીઆર ફાઈલિંગ દરખાસ્તો માટે ભંડોળ વિતરણ સમારોહનું આયોજન કર્યું હતું.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના વીસી પ્રો. ભાલચંદ્ર ભાણગે દ્વારા વિદ્યાર્થી નવીનતાઓને તેમના નવીન વિચારો અને સંશોધન-આધારિત પહેલને માન્યતા આપવા માટે મંજૂરી પત્રો ઔપચારિક રીતે સોંપવામાં આવ્યા હતા. આ ભંડોળ પહેલ હેઠળ 19 પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટ્સ માટે કુલ રૂ. 39,24,500 અને નાણાકીય સહાય માટે 17 આઈપીઆર દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. યુનિવર્સિટી એ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટ્સ માટે કુલ રૂ. 28,37,800 અને આઈપીઆર ફાઈલિંગ દરખાસ્તો માટે રૂ. 10,86,700 મંજૂર કર્યા હતા. વિતરણના પ્રથમ તબક્કાના ભાગ રૂપે, મંજૂર રકમના 40% વિદ્યાર્થી ઈનોવેટર્સના ખાતામાં જમા થઈ ગયા છે. જેથી તેમના પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ થઈ શકે.

વિદ્યાર્થી ઈનોવેટર્સને સંબોધતા કુલપતિ પ્રો. ભાલચંદ્ર ભાણગેએ તેમને સમર્પણ અને આત્મવિશ્વાસ સાથે નવીનતા અપનાવવા પ્રોત્સાહિત કર્યા. તેમણે ભાર મૂક્યો કે યુનિવર્સિટીઓએ માત્ર જ્ઞાનનું સર્જન જ નહીં પરંતુ તે જ્ઞાનને સમાજને લાભદાયી ઉકેલોમાં પણ રૂપાંતરિત કરવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને પરંપરાગત સીમાઓથી આગળ વિચારવા અને તેમના વિચારોને ટેકનોલોજી અને સાહસોમાં રૂપાંતરિત કરવા વિનંતી કરી જે રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન આપી શકે. પ્રો. ભાણગેએ જણાવ્યું, નવીનતા જિજ્ઞાસાથી શરૂ થાય છે અને દ્રઢતા દ્વારા વધે છે.

VMCની ‘વન ડે વન રોડ’ ઝુંબેશ: શહેરના વિવિધ વોર્ડમાં લારી-ગલ્લા અને ગેરકાયદે દબાણોનો સફાયો

એક્શન મોડમાં તંત્રઃ સી.એમ. ડેશબોર્ડની ફરિયાદોને આધારે વોર્ડ નં. 08 માં લારી-ગલ્લા અને પાકાં શેડ દૂર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની વ્યાપક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તા. 21 એપ્રિલ 2026ના રોજ પાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખાએ વિવિધ વોર્ડમાં ઝુંબેશ ચલાવી રસ્તા પરના નડતરરૂપ લારી-ગલ્લા અને પાકા દબાણો દૂર કર્યા હતા. “વન ડે વન રોડ” અભિયાન અંતર્ગત ખાસ કરીને વોર્ડ નં. 09માં અક્ષરચોકથી સન ફાર્મા રોડ સુધીના માર્ગ પર કડક કાર્યવાહી હાથ ધરાઈ હતી, જેમાં ફૂટપાથ અને માર્ગો પર કબજો જમાવનારાઓ પાસેથી અંદાજે એક ટ્રક જેટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

તે ઉપરાંત વોર્ડ નં. 18માં મુજ મહુડા મંદિર નજીક પણ કાર્યવાહી કરી લારી-ગલ્લા દૂર કરી વધુ એક ટ્રક સામાન કબજે લેવાયો હતો. વોર્ડ નં. 08માં મકરપુરા રોડ પર માનવ ઈન્ફિનિટી અને બેંક ઓફ બરોડા નજીક ફૂટપાથ રોકી ઉભેલા ગલ્લાઓ દૂર કરી એક ટ્રક જેટલો સામાન જપ્ત કરાયો હતો. વીજળી નગર વિસ્તારમાં મહમદપુરા બ્રિજ પાસે ગેરકાયદેસર પાર્કિંગના દબાણો પણ દૂર કરાયા હતા. ખાસ કરીને ‘સી.એમ. ડેશબોર્ડ’ પર મળેલી ફરિયાદોને આધારે વોર્ડ નં. 08માં તંત્ર વધુ સક્રિય બન્યું હતું. સુશીલપુરા ઝૂંપડપટ્ટી તેમજ ન્યુ સાવરકર અને શ્રદ્ધા પાર્ક વિસ્તાર નજીકના દબાણો દૂર કરી માર્ગો ખુલ્લા અને પહોળા બનાવાયા હતા. આ કામગીરીથી દબાણકર્તાઓમાં ભય ફેલાયો છે, જ્યારે રાહદારીઓ અને વાહનચાલકોને ટ્રાફિકમાંથી રાહત મળતા સંતોષ વ્યક્ત કર્યો છે.

સવારથી જ જેસીબી અને ડમ્પર સાથે અધિકારીઓ ખડેપગે

કુણાલ ચાર રસ્તાથી લક્ષ્મીપુરા સુધી પાલિકાના સફાઈ કામદારોએ રસ્તાઓ ચમકાવ્યા

ડિવાઈડરથી લઈને છેક ગામ તળાવ સુધીના પટ્ટામાં સફાઈનો ધમધમાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના આશય સાથે સતત વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ કડીના ભાગરૂપે આજે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 9 માં તંત્ર દ્વારા એક વિશેષ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત વિસ્તારના મુખ્ય માર્ગો પરથી કચરો અને ધૂળ દૂર કરી રસ્તાઓને સંપૂર્ણપણે સ્વચ્છ બનાવવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, વોર્ડ નંબર 9 ના વહીવટી તંત્ર દ્વારા આજે સવારથી જ સફાઈ કામદારો અને જરૂરી મશીનરી સાથે કુણાલ ચાર રસ્તાથી લક્ષ્મીપુરા ગામના તળાવ સુધીના મુખ્ય માર્ગ પર સફાઈ

કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સેનિટરી ઈન્સ્પેક્ટર અને એન્જિનિયરિંગ વિભાગના અધિકારીઓની દેખરેખ હેઠળ મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓ જોડાયા હતા. માર્ગોની આજુબાજુ જમા થયેલો કચરો, પ્લાસ્ટિક અને રોડની સાઈડમાં રહેલી માટીના થરને દૂર કરવામાં આવ્યા હતા.

આ કામગીરી અંગે માહિતી આપતા સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, પશ્ચિમ ઝોનમાં ‘વન ડે, વન વોર્ડ’ જેવી ઝુંબેશના માધ્યમથી સઘન સફાઈ કરવામાં આવી રહી છે. કુણાલ ચાર રસ્તાથી લક્ષ્મીપુરા ગામ તળાવ સુધીનો આ માર્ગ ખૂબ જ વ્યસ્ત રહેતો હોવાથી અહીં સફાઈ જળવાઈ રહે તે જરૂરી છે. માર્ગોની સફાઈની સાથે સાથે ડિવાઈડરની મરામત અને તેની આસપાસની સફાઈ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ડોર-ટુ-ડોર કચરાના કલેક્શનની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા અને નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે પણ અપીલ કરવામાં આવી હતી.

આર્ટ ઓફ લિવિંગ દ્વારા ‘સત્ત્વા વાઈબ્સ કિડ્સ સ્પેશિયલ સત્સંગ’ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

આર્ટ ઓફ લિવિંગ વડોદરા દ્વારા બ્રહ્મર્ષિ વાટિકા, કારેલીબાગ ખાતે “સત્ત્વા વાઈબ્સ - કિડ્સ સ્પેશિયલ સત્સંગ” નું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના આગામી 70મા જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયો હતો.

આ પ્રસંગે બાળકો કેન્દ્રસ્થાને રહ્યા અને તેમણે ભાવસભર ભજન ગાયન તથા સંગીત વાદ્યોની સુંદર રજૂઆત કરીને સમગ્ર વાતાવરણને ભક્તિમય અને આનંદમય બનાવી દીધું હતું . તેમની નિર્દોષતા અને ઉમંગે ઉપસ્થિત સૌને સ્પર્શી લીધા. કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગના બાળકો માટેના સ્પેશિયલ ઈન્ટ્યુશન પ્રોગ્રામ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં બાળકોના પરિવારજનો, આર્ટ ઓફ લિવિંગના સદસ્ય અને શહેરીજનો એ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને સંગીત અને ભક્તિની અનોખી અનુભૂતિ કરી હતી. આ કાર્યક્રમ દ્વારા નાની વયથી જ સંસ્કાર, સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોનું સંવર્ધન થાય છે તેવો સુંદર સંદેશ આપવામાં આવ્યો.